GJVD020263312023

| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૨/૦૮/૨૦૨૩ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૨/૦૮/૨૦૨૩ |
| ફેંસલ તારીખ | ૦૧/૦૪/૨૦૨૪ |
| સમય ગાળો | વર્ષ : માસ : દિવસ |

‖ વડોદરાના છઠ્ઠા એડી. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રીની કોર્ટમાં, મુકામ.વડોદરા ‖

| ક્રિમીનલ કેસ નંબર. | ► | ૧૮૬૮૬/૨૩ | આંક | ► | |
|---|---|---|---|---|---|

| ફરિયાદી | | આરોપી |
|---|---|---|
| શ્રી સરકાર | વિ રૂ દ્ધ 稭 | ૧. જીગર ઉર્ફે ચિન્ટુ ભરતભાઈ પરમાર<br>રહે. મ.નં.૩૨૧, નવી નગરી, તરસાલી સરકારી સ્કુલની પાસે મકરપુરા વડોદરા |

| ગુન્હો | ⇨ | ધી પ્રોહી એકટની કલમ–૬૫ એ.એ. મુજબ... |
|---|---|---|

| | |
|---|---|
| ફરિયાદ પક્ષ... તરફે વિ.એ.પી.પી.શ્રીમતી | આર. આઇ. શેખ |
| આરોપી પક્ષ ... તરફે વિ.વકીલ શ્રી | એમ.વાય . જાદવ |

堿 ચુ કા દો ⏩

**ફરિયાદ હકીકતનું ટુંકમા વર્ણનઃ–**

(૧.૦).. આ કામના આરોપીઓ સામે એવો આક્ષેપ છે કે, આ કામના આરોપીનાએ જાહેરમાં પોતાના કબજામાં દેશી દારૂ લી .૦૪, કિં.રૂા.૮૦/– નો તથા મોબાઈલ ફોન ૦૧ કિં.રૂા.૩,૦૦૦/– તથા અંગજડતીના રોકડા રૂા.૪,૬૦૦/– મળી કુલ રૂા.૭,૬૮૦/– ના મુદ્દામાલ સાથે રાખી મળી આવી, પકડાઈ જઇ, ગુનો કરી, ધી પ્રોહી કલમ– ૬૫(એ.એ) મુજબનો ગુનો કરેલ હોય તે કલમની ફરિયાદ આ કામના ફરિયાદીએ મકરપુરા પો.સ્ટે. ખાતે આપતાં સદર આરોપ વિરૂધ્ધ પ્રોહી. પાર્ટ સી. નં. ૧૧૧૯૬૦૧૬૨૩૦૫૪૮/૨૦૨૩ થી નોંધવામાં આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ ગુનાની તપાસ કરતા

આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતો હોઇ, ઉપરોકત કલમ હેઠળના ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવેલ.

**<u>ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૦ અન્વયે તહોમતનામા અંગેઃ-</u>**

(૨.૦).. આ કામે આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ થતા આરોપીઓને સમન્સ કરતાં આરોપીનાઓ હાજર થયેલ હોઇ, કેસના કાગળોની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ મુજબ વિના મુલ્યે આરોપીને આપવામાં આવેલ અને આંક-૦૪ થી તહોમતનામુ ફરમાવતાં આરોપીઓએ ગુનાનું ઈન્કાર કરતુ નિવેદન આંક-૦૫ થી લેતાં તેઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

**<u>પક્ષકારો તર્ફે રજુ પુરાવાઃ-</u>**

(૩.૦).. ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૨ અન્વયે નીચે મુજબના પુરાવા રજુ કરેલા છે.

**<u>(અ) મૌખિક પુરાવાઃ-</u>**

**// મૌખિક પુરાવો //**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ત.ક.અ. સાહેદ-પીનલબેન મોહનભાઈની સોંગદ ઉપરની જુબાની | ૧૨ |
| ૨ | પંચ સાહેદ સતિષભાઈ પટેલની સોંગદ ઉપરની જુબાની | ૦૬ |

**<u>(બ) દસ્તાવેજી પુરાવાઃ-</u>**

**// દસ્તાવેજી પુરાવો //**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૧૩ |
| ૨ | પંચનામુ | ૦૭ |

**<u>ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદનઃ-</u>**

(૪.૦).. ફરિયાદપક્ષે ઉપરોકત પુરાવા રજુ કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રીએ તેઓનો

પુરાવો પૂર્ણ કર્યાની મૌખિક જાહેરાત કરતાં આરોપીઓનું ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. સદર કામે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવાનું થયેલ ત્યારે સ્ટેટ ઓફ પંજાબ વિ. હરિસિંહ અને બીજા એ.આઇ.આર. ૨૦૦૯, સુપ્રિમ કોર્ટ ૧૯૬૬ માં સ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લેતાં આરોપીઓનું વિશેષ નિવેદન કોર્ટ રૂબરૂ નોંધવામાં આવેલ. જેમાં આરોપીઓએ તેમની સામેના આક્ષેપોનો ઈન્કાર કરેલ છે અને તેઓ સામે હાલનો ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે, જયારે સોંગદ ઉપર જુબાની આપવા તથા બચાવના સાહેદો તપાસવા પણ ઈન્કાર કરેલ છે. આમ, બચાવપક્ષે તેઓના બચાવમાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

**<u>ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૪ મુજબ પક્ષકારો તર્ફે દલીલોઃ-</u>**

(૫.૦).. આ કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.એ મૌખિક દલીલો કરતાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓ પાસેથી વગર પાસ પરમીટે દેશી દારૂ પોતાના કબજામાં રાખેલ હોય સમાજમાં ઉદાહરણ રૂપ દાખલો બેસે તેવી મહત્તમ સજા કરવા દલીલો કરેલ છે. જયારે આ કામે બચાવપક્ષે આરોપીઓના વિ.વ.શ્રીએ જણાવેલ છે કે, આ કામે મુદ્દામાલ જપ્ત કર્યા અંગેનું પંચનામુ કરેલ તે પંચસાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી. જે સંજોગોમાં આરોપીઓ સામે નિઃશંકપણે કેસ સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોઇ, આરોપીઓને નિર્દોષ જાહેર કરવા મૌખિક દલીલો કરેલ છે.

**<u>ક્રિ.પ્રો.કોડની કલમ-૩૫૪(૧)(બી) મુજબ પોઈન્ટ ફોર ડીટરમીનેશનઃ-</u>**

(૬.૦).. આ કામે પક્ષકારો તર્ફે ઉપરોકત રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તથા સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રીની રજુઆત તથા આરોપીના વિ.વ.શ્રીની દલીલો લક્ષમાં લેતાં, આ કેસના આખરી નિર્ણય માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૫૪(૧) (બી) મુજબ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

--// **<u>મુ દ્દા</u>** //--

(૧) શું ફરિયાદપક્ષ વાજબી શંકાથી પુરવાર કરે છે કે, આ કામના

આરોપીનાએ જાહેરમાં પોતાના કબજામાં દેશી દારૂ લી.૦૪, કિં.રૂા.૮૦/- નો તથા મોબાઈલ ફોન ૦૧ કિં.રૂા.૩,૦૦૦/- તથા અંગજડતીના રોકડા રૂા.૪,૬૦૦/- મળી કુલ રૂા.૭,૬૮૦/- ના મુદ્દામાલ સાથે રાખી મળી આવી, પકડાઈ જઈ, ગુનો કરી, ધી પ્રોહી કલમ- ૬૫(એ.એ) મુજબનો ગુનો કર્યો છે?

(૨) શું હુકમ ?

(૭.૦).. ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના અત્રેની અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૮.૦).. ઉપરોક્ત મુદ્દાઓ અંગે મારા ન્યાયિક નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

-// **કારણો** //-

**<u>મુદ્દા નંબર-૧</u> :-**

(૯.૦).. આ કામે રેકર્ડ પર આવેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતા ફરિયાદપક્ષે આંક-૦૬ થી પંચસાહેદને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓ તેમની સરતપાસમાં પોલીસે તૈયાર કરેલ પંચનામામાં સહિ લીધેલ અને તેઓ આંક-૦૭ ના પંચનામા વિષે કંઈ જાણતા નથી તેવો પુરાવો આપેલ છે. પંચસાહેદ તેઓની જુબાનીમાં પંચનામાને લેશમાત્ર સમર્થન આપતા ન હોય, ફરિયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરી ફરિયાદપક્ષે તેઓની ઉલટતપાસ થયેલ, જેમાં પણ ફરિયાદપક્ષને મદદરૂપ પુરાવો લાવી શકેલ ન હોઈ, પંચસાહેદની જુબાનીથી ફરિયાદપક્ષે મદદરૂપ પુરાવો આવતો નથી.

(૧૦.૦).. વધુમાં ફરિયાદપક્ષના સાહેદ, ત.ક.અ. પીનલબેન મોહનભાઈ તેમની આંક-૧૨ ની સોંગદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તા.૧૭/૦૬/૨૦૨૩ ના રોજ તેઓ મકરપુરા પો.સ્ટે.માં એ.એસ.આઇ. તરીકે ફરજ બજાવતાં હતાં તે દરમ્યાન પી.એસ.ઓ સતીષભાઈ ઈશ્વરભાઈનાઓએ એ.એસ.આઇ. પ્રોહી કલમ ૬૫ એ.એ. મુજબ ગુનો

રજી. કરી તપાસ તેમના તરફ કરતાં તેમણે તપાસ સંભાળી લીધેલ આરોપીને અટક કરી જામીન મુકત કરેલ. ત્યારબાદ કબજે કરેલ પ્રોહીબીશન મુદ્દામાલ સેમ્પલ પરીક્ષણ અર્થે એફ.એસ.એલ. કચેરી વડોદરા ખાતે મોકલી આપેલ. ત્યારબાદ લાગતાં વળગતાં પોલીસ સાહેદોના નિવેદનો લીધેલા અને તમામ કાગળોનો અભ્યાસ કરતાં આ કામના આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાય આવતાં નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ. સદર બનાવની ફરીયાદ પુરાવામાં આંક–૧૩ થી રજુ રાખવામાં આવેલ છે. પરંતુ બચાવપક્ષે ઉલટતપાસમાં તેઓ કબુલ રાખે છે કે, એફ.એસ.એલ. કચેરીમાંથી પ્રોહી મુદ્દામાલનો પરીક્ષણ અહેવાલ મેળવી ચાર્જશીટના કાગળો સાથે સામેલ રાખેલ નથી. તેમજ કહેવાતા બનાવનો કોઈ આધાર પુરાવો મેળવેલ નથી. તેમજ આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી.

(૧૧.૦) આમ, ઉપરોકત તમામ પુરાવાઓ ધ્યાને લેતાં, આ કામે અન્ય સ્વતંત્ર સાહેદો અભાવે માત્ર પંચ સાહેદ તથા ત.ક.અમલદારનો પુરાવો ગૌણ બની જાય છે. જેમાં હાલના કેસમાં પંચસાહેદ કે જેઓ ફરિયાદપક્ષના કેસની હકીકતને તેમજ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોઈ, તે હાલના કેસને મદદરૂપ નથી. તદ્ઉપરાંત તપાસ કરનાર અમલદારશ્રી પોલીસ સ્ટાફના માણસો જ હોઈ તેઓની જુબાની પરથી સદર હકીકત માની શકાય નહી. આમ, તમામ પુરાવાઓ ધ્યાને લેતાં ખરેખર પંચનામાની હકીકત મુજબ મુદ્દામાલ આરોપીના કબજામાંથી કબજે થયેલ હતો કે નહી તે માત્ર તપાસ કરનાર અમલદારએ જણાવેલ જુબાની ઉપરથી પુરવાર થતું ન હોય તે હકીકત શંકાસ્પદ બને છે. આ કામે ઉપરોકત હકીકત ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપી સામે તેમનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી આરોપીએ સદર ગુનો કરેલ હોવાનું પુરવાર થતું ન હોઈ, મુદ્દા નં.૧ નો જવાબ "નકારમાં" ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

◀ <u>આ ખ રી હુ ક મ</u> ▶

૧. આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) હેઠળ પ્રોહી.એકટની કલમ–૬૫(એ.એ.) મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે મુદ્દામાલ દારૂનો અપીલ સમય વિતે નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામે મુદ્દામાલ રોકડ રકમ નિયમોનુસારની કાર્યવાહી અનુસરી સરકારશ્રીમાં જમા કરાવવાનો આદેશ કરવામાં આવે છે.

૪. આ કામે કબજે કરવામાં આવેલ મોબાઈલ લગત અગાઉ કોઈ હુકમ થયેલ હોય તો તે કાયમ રાખી વચગાળાની શરતો રદ્દ કરવામાં આવે છે અન્યથા અપીલ સમય વિતે માલીકીપણાની ખરાઈ કરી તેના ખરા માલીકને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

૫. આરોપીનાએ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના રૂા.૫,૦૦૦/– ના જામીન રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહું આદેશ આજ રોજ તારીખ ૦૧ માહે એપ્રિલ, ૨૦૨૪ ના રોજ વાંચી સંભળાવી ખુલ્લી અદાલત મધ્યે જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ –૦૧/૦૪/૨૦૨૪.<br>સ્થળ – વડોદરા. | **(આશિષ કે. શાહ)**<br>છઠ્ઠા એડી. જયુડી. મેજી.ફ.ક.,<br>વડોદરા.<br>જજ કોડ નં.જીજે૦૧૬૩૨ |